# –:ગીર ગાય:–

ડૉ. એસ.એસ. પરીખ, ડૉ. વી.કે. કરંગીયા, ડૉ. એચ.પી. વિજયેતા અને ડૉ. બી.ડી. સાવલીયા
પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

-----------------------------------------------------------------------------------



- **ઉત્પતિ સ્થાનઃ** આ ઓલાદનું ઉત્પત્તિ સ્થાન મુખ્યત્વે દક્ષિણ કાઠીયાવાડના ગીરના જંગલો હોવાથી તે ઓલાદને ગીર ઓલાદ તરીકે ઓળખવામા આવે છે. આ ઉપરાંત એને કાઠીયાવાડી, સોરઠી, દેસાણ અને ભોડાળી વગેરે ઉપનામથી ઓળખવામાં આવે છે. આ જાનવરો શુધ્ધ સ્વરૂપમાં સમગ્ર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જામનગર, જૂનાગઢ, રાજકોટ,ભાવનગર અને અમરેલી જીલ્લાઓમા જોવા મળે છે. આ ગાયો પશ્ચિમ ભારતમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ વગેરે રાજયમાં ફેલાયેલી છે. દક્ષિણમાં મદ્રાસ શુધી ગાયો જોવા મળે છે.
- **શારીરિક લક્ષણોઃ**
  - **કદ/વજનઃ**

    આ ઓલાદના જાનવરો વજનદાર પણ ઢીલા બાંધાના સ્વભાવે શાંત અને માયાળુ પણ સહેજ સુસ્ત હોય છે. આ ઓલાદના જાનવરોનું કદ મધ્યમથી મોટુ મજબૂત તથા હૃષ્ટ પૃષ્ટ બાંધાનું હોય છે.

    - પુખ્ત ગાયનું વજન ૩૪૦ કિ.ગ્રા. થી ૪૧૦ કિ.ગ્રા.
    - પુખ્ત સાંઢનું વજન ૫૦૦ કિ.ગ્રા. થી ૫૪૦ કિ.ગ્રા.
    - તાજા જન્મેલા નરનું વજન ૨૬ કિ.ગ્રા.
    - તાજા જન્મેલા માદાનું વજન ૨૪ કિ.ગ્રા.

- **રંગ:**

આ ઓલાદના જાનવરોમાં રંગમાં વિવિધતા બહું મોટા પ્રમાણમાં જોવા મળે છે. છતાં રંગે રાતા અને સફેદ ટપકાં હોય છે. ઉપરાંત ભૂખરો ધોળો, કાબરો, માકડા છાંટવાળો દાડમીયો વગેરે રંગના જાનવરો જોવા મળે છે. નરનો રંગ ઘેરો હોય છે.

- **માથું:**

માથુ ઉપસેલુ, વજનદાર, કપાળ પહોળું અને ઢાલ જેવું તરતુ હોય છે. માથા ઉપરના પાછલા છાગે આછો ખાંચો પાડી ઉપરના ભાગે આછી કરચલી સામે પ્રમાણસર લાંબી ડોકની શરૂઆત થાય છે.

- **ચહેરો:**

મધ્યમ કદનો અને સાંકડો હોય છે.

- **કાન:**

કાન લાંબા, પહોળા અને વધારે પડતા લબડતા હોય છે. કાનનો આકાર વડના વળેલા પાન જેવો દેખાય છે. કાનની અણી જડબાની નીચે અંદરની બાજુએ વળેલી હોય છે અને ખાંચ જેવો આકાર હોય છે.

- **આંખો:**

આંખો મોટી અને બદામ આકારની હોય છે. પરંતુ ભારે અને ઢાલ આકારના કપાળથી ઢંકાયેલી હોવાના કારણે આંખ ઝીણી અને અર્ધ મીંચેલી દેખાય છે. આને કારણે જાનવરો સુસ્ત અને ઉંઘણસી જેવા લાગે છે.

- **નસ્કોરું:**

કપાળ પુરૂ થતા નાકની ઉપરનું હાડકું મોખલી સુધી હોય અને નસકોરા પાસે થોડુંક ગોળાઈ ધરાવતું હોય છે. જે પુરૂ થતા પહોળા મોટા નસ્કોરા હોય છે. કાળું નસ્કોરું ગીર ગાયનું લક્ષણ   ગણાય છે.

- **શિંગડા:**

શિંગડા સહેજ જાડાં અને કપાળની બાજુમાં નીચેના ભાગે કપાળના મૂળમાં માથું દબાવીને નીકળતા કાનને અડતાં માછીયા અથવા અર્ધગોળ (કમાનની માફક વળાંકવાળા) શિંગડા આ ઓલાદનું ખાસ લક્ષણ છે.

- **ખુંધ:**

શરીરના ઉપરના ભાગમાં ડોક પુરી થતાં આગલા પગના ઉપરના ભાગમાં, ખરીના મધ્ય બિંદુથી સીધી લીટીએ ખુંધનો મધ્યભાગ હોય છે. આ ખુંધ સીધી નકકર અને કાજુના આકાર જેવી તેમજ શરીરની સાથોસાથ પ્રમાણસર અર્ધગોળ હોય છે. ગાયોમાં મધ્યમ કદની અને નર જાનવરોમાં મોટી અને એક બાજુ ઢળેલી હોય છે.

- **કમર:**

કમર સીધી અને સમાંતર હોય છે.

- **ગોદડી:**

ગળાથી આગલા પગના હડા સુધી સપ્રમાણ ઝુલવાળી મોટી પરંતુ પાતળી ચામડી વાળી સુંવાળી ગોદડીએ ગીર ઓલાદનું લક્ષણ ગણાય છે. જે આ ઓલાદને સુંદર દેખાવ આપે છે જે હડપ્પા સંસ્કૃતિના સમયના ગો–વંશના અવશેષોમાં પણ જોવા મળે છે.

- **મૂતરણું:**
  ઢીલી ચામડીના કારણે મોટાં અને ઝૂલતા હોય છે.
- **બાવલું:**
  બાવલું મધ્યમ કદનું અને ચાર ભાગમાં સ્પષ્ટ વહેંચાયેલું અને સુડોળ આકારવાળું હોય છે.
- **પગ:**
  પગ સુવિકસીત, મજબૂત સ્નાયુવાળા, જાડા અને મજબૂત ઘૂંટણવાળા હોય છે. ખરીઓ મધ્યમ કદની, કાળા રંગની, ગોળ, સુડોળ અને પોચી હોય છે.
- **પૂછડું:**
  પૂછડું લાંબુ, ચાબુક જેવું અને વાળનું ગુચ્છ કાળા રંગનું હોય છે.

➢ **આર્થિક લક્ષણો:**

ગીર ઓલાદએ દ્વિઅર્થી ઓલાદ છે. પણ ઘણા આને દુધાળ ઓલાદ તરીકે પણ ગણે છે. આ ઓલાદના જાનવરો નમ્ર અને શાંત સ્વભાવના અને માયાળુ હોય છે. બળદો ભારે કામ માટે સારા ગણાય છે. પણ તેની ચાલ ધીમી, હળવી અને ગંભીર હોય છે. બળદો સ્વભાવે શાંત, કામગરા અને સહેલાયથી કાબુમાં રહે તેવા હોય છે.

**૧.** પ્રથમ વિયાણની ઉમર ૪૬ થી ૫૨ માસ

**૨.** વેતરનું સરેરાશ દુધ ઉત્પાદન ૨૦૦૦ કિ.ગ્રા

**૩.** દૂધમાં ચરબી (ફેટ) ના ટકા ૪.૫ થી ૫.૫ ટકા

**૪.** દૂધાળ દિવસો ૩૦૦ દિવસ

**૫.** વસુકેલ દિવસો ૧૨૩ થી ૧૭૦ દિવસ

**૬.** બે વિયાણ વચ્ચેનો ગાળો ૧૫ માસ

દેશનાં સ્થાનિક ઓલાદની સુધારણા માટે ગીર ઓલાદનો ઉપયોગ થાય છે. વિદેશમાં ખાસ કરીને બ્રાઝિલ, અમેરીકા, ફિલીપાઈન્સ, જાવા, સુમાત્રા વગેરેમાં સ્થાનિક ઓલાદ સુધારણા માટે ખૂબ ઉપયોગી નીવડેલ છે.

**********************